# ગાંધીનગરમાં બંને ઋતુના અંતિમો અનુભવાય છે

## છેલ્લા કેટલાય દિવસોથી ૪૦ થી ૪૨ ડિગ્રી જેટલી ગરમીનો સામનો કરી રહેલા નગરજનો : ગ્રીનસીટી બન્યુ હોટેસ્ટ સીટી

ગાંધીનગર, તા. ૧

ગ્રીનસીટી ગાંધીનગર છેલ્લા એક અઠવાડિયાથી રીતસર જાણે સેકાઈ રહ્યુ છે. મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રીને અડુઅડુ થઈ રહ્યો છે. આકરી ગરમીની સીધી અસર જનજીવન પર જોવા મળી રહી છે. ગરમીથી રાહત મેળવવા માટે નગરજનો રીતસર વલખા મારી રહ્યા છે.

ગાંધીનગરનું ભૌગોલિક

**સમયસર**

સ્થાન એવુ છે કે અહી ઋતુ પરિવર્તનની અસર બે અંતિમો સુધી જોવા મળે છે. શિયાળામાં અહીંનુ લઘુત્તમ તાપમાન ગુજરાતના અન્ય વિસ્તારો કરતાં સૌથી ઓછુ હોય છે એવી જ રીતે ઉનાળો આવતા આખુ શહેર જાણે એક ભઠ્ઠી બની જાય છે. ગરમી વધારનારા હેવી ટ્રાફિક, મોટી મોટી ઈમારતોની હારમાળા અને ઔદ્યોગિક ગૃહો અહી નથી તેમ છતાં અહીં હાઈએસ્ટ ગરમી પડે છે. સંખ્યાબંધ વૃક્ષો આવેલા હોવા છતાં અને બગીચાઓની સંખ્યા પણ સવિશેષ હોવા છતાં ગાંધીનગરની ગરમી તોબા પોકારાવી દે છે. અહીં નજીકમાં કોઈ દરિયાકિનારો નથી અને મેદાની પ્રદેશો દૂર સુદૂર સુધી વિસ્તરેલા હોવાથી ગરમીની સવિશેષ અસર થાય છે અને આ અસર ખૂબ લાંબી ચાલે છે. લગભગ માર્ચ મહિનાથી શરૂ થતી ગરમી જૂન ઉતરતા સુધી ખૂબ જ આકરી રહે છે. એપ્રિલ-મે માસના લગભગ ૪૦-૫૦ દિવસો તો મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની ઉપર જ રહે છે. હીટવેવના ત્રણ થી ચાર રાઉન્ડ આવે છે. જે એક-એક અઠવાડિયા સુધી ચાલે છે. જેમાં મહત્તમ તાપમાન ૪૨ થી ૪૪ ડીગ્રી સુધી પહોંચી જાય છે. આવી પરિસ્થિતિમાં સમગ્ર શહેર જાણે એક ભઠ્ઠી બની જાય છે. આકાશમાંથી અંગારા વરસે છે. આવી માથુ ફાડી નાંખે તેવી ગરમી છેલ્લા એક એક સપ્તાહથી ગાંધીનગરને રીતસર બાનમાં લઈ રહી છે. માર્ગો સાવ સુના અને નિર્જીવ લાગે છે. કુદરતની સામે તમામ હથિયાર હેઠા મુકી દેતી વનરાજી પણ શાંત ભાસે છે. વેકેશન હોવા છતાં ગરમીના કારણે બાળકોને ફરજિયાત કેદ ભોગવવી પડે છે. બાળકોના હરવા-ફરવા અને રમવા પર પ્રતિબંધ આવી જાય છે.

આખો દિવસ આકરી ગરમીના કારણે સુનુ રહેતુ ગાંધીનગર રાત પડતાં જ એકાએક ચેતનવંતુ બની જાય છે. ઉનાળાના ચાર મહિના અહીં નાઈટલાઈફ જોવા મળે છે. શહેરની મધ્યે બનાવાયેલા સ્વર્ણિમ પાર્કમાં નગરજનો છેક મોડીરાત સુધી ટહેલતાં નજરે ચઢે છે. આઈસક્રીમ, સોડા, બરફગોળા જેવી ગરમીમાં રાહત આપતી ખાદ્ય સામગ્રીની લારીઓ પર ભીડ-ભીડ જોવા મળે છે. આ ઉપરાંત ઘણા નગરજનો તેમના નિવાસસ્થાનની

● અનુસંધાન પાન-૭ પર



જળસંચય અભિયાન - રાજ્યના સ્થાપના દિનથી જળસંચય અભિયાનમાં તળાવો ઉંડા કરવાની અને નદીઓને પુનઃજીવિત કરવાની કામગીરી જોરશોરથી આરંભાઈ છે. ઈન્દ્રોડા પાસે સાબરને કિનારે કોતરોમાંથી આડશ બનતા ઝાડી-જાખરા હટાવવાની સાથે સાથે કોતરોને ઢોળાવ આપી વરસાદી પાણી સાબમરતી નદીમાં સંગ્રહિત થાય તથા ખારી નદીને પુનઃજીવિત કરવાની કામગીરી પણ જીલ્લા તંત્ર દ્વારા આરંભાઈ ચુકી છે.... દરેક સ્થાનો પર જો નિષ્ઠાથી કામ થાય તો એક મહિનામાં સંકલ્પ સિદ્ધિ થઈ જ શકે...

# શહેરના મુખ્ય 'ઘ' અને 'ચ' માર્ગ પર ૨ કરોડના ખર્ચે નવી ફેન્સીંગ કરાશે

**વન આરક્ષિત જગ્યામાં પીળા અને કેસરી ફુલો નિખરશે : લોખંડના એંગલવાળી ફેન્સીંગનુ કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧

શહેરના ઘ અને ચ માર્ગ આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યાને નવી લોખંડની એંગલવાળી ફેન્સીંગ લગાવાશે. ફેન્સીંગના કામને મંજુરી આપી દેવામાં આવતા ટુંકમાં કામગીરી શરૂ કરી દેવાશે. ફેન્સીંગ બનાવવા પાછળ રૂ ૨ કરોડનો ખર્ચ કરાશે. વન આરક્ષિત જગ્યાને ફેન્સીંગ લગાવી હરિયાળા વૃક્ષોની આસપાસ પીળા અને કેસરી રંગના ફુલો નિખરે તે મુજબ પ્લાન્ટેશન કરવામાં આવશે.શહેરના મુખ્ય માર્ગો પર બારેમાસ રંગબેરંગી ફુલો નિખરેલા જોવા મળશે.આ કાર્યયોજનાના અંતે મુખ્યમાર્ગોની રોનક નિખરશે.

શહેરમાં હાલ વન આરક્ષિત જગ્યાની ફરતે સિમેન્ટના પોલવાળી ફેન્સીંગ હોવાના લીધે આ પ્રકારના પોલ્સ વારંવાર તુટી જતા વન આરક્ષિત જગ્યા ખુલ્લી થઈ જાય છે. જેના લીધે તેમાં દબાણ અને ગંદીક સહીત રખડતા ઢોરનો અડ્ડો જોવા મળે છે. આવા સંજોગોમાં શેહરમાં ફેન્સીંગ કાઢી નવી ફેન્સીંગ ફીટ કરવા માટે વનતંત્ર દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

# ઘ-૪ પાસે ઓવરબ્રિજનુ નિર્માણ કરવા ૮ જગ્યાએથી માટીના નમુના લેવાયા

## સર્કલ ફરતેથી માટીના નમુના લઇ લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલાયા

ગાંધીનગર તા ૧

શહેરના મુખ્ય ઘ માર્ગ પર ઘ-૪ પાસે ઓવરબ્રિજના નિર્માણ માટે તંત્ર દ્વારા જરૂરી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. આ અન્વયે એજન્સીને અભ્યાસ અને સર્વેની કામગીરી સોંપવામાં આવી છે. ઓવરબ્રિજના નિર્માણને અનુલક્ષી સ્થળ સ્થિતિ ચકાસવા માટે સર્કલ વિસ્તારમાં વિવિધ ૮ ઠેકાણેથી માટીના નમુના લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલી દેવાયા છે.

શહેરના મુખ્ય માર્ગો પર દિનપ્રતિદિન ટ્રાફિકનુ ભારણ વધી રહયુ છે. જયારે નગરના મુખ્ય ઘ માર્ગ પર સેન્ટ્રલ વિસ્ટાનો બગીચો અસ્તિત્વમાં આવ્યા બાદ આ વિસ્તારનો ટ્રાફિક સિનારીયો પણ બદલાયો છે. સ્વર્ણિમ પાર્કથી અને મહાત્મા મંદિર અને વિધાનસભા

● અનુસંધાન પાન-૭ પર

# બીજા દિવસે વધુ ૧૨૩૮ સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળ્યા

## તંત્રએ સર્વેલન્સ સઘન બનાવવા કર્મયોગીઓને સૂચવ્યુ : તાવના વધુ ૩૪૭ કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧

વાહકજન્ય રોગચાળાને નિયંત્રિત કરવા માટેના હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં આજે બીજે દિવસે ૧૨૩૮ સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં તંત્રએ ત્યાં તાબડતોબ પોરાનાશક કામગીરી કરી હતી.

આજે બીજે દિવસે તંત્રની ટીમો દ્વારા ૨,૧૦,૧૭૧ વ્યક્તીઓને સર્વેલન્સ દરમ્યાન આવરી લીધી હતી. ૪૪૦૯૯ ઘરોની તપાસ કરતાં ૧૨૩૮ સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા.

આમ બે જ દિવસમાં ચાર હજાર જેટલા સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ શોધી કાઢી અને તંત્રએ પોરાનાશક કામગીરી સઘન બનાવી છે. મળતી વિગતો પ્રમાણે આજે સર્વેલન્સ દરમ્યાન ૩૪૭ વ્યક્તીઓ તાવમાં સપડાયેલી જણાઈ હતી. આ તમામના લોહીના નમૂના મેળવી અને પરીક્ષણ માટે મોકલી આપવામાં આવેલ છે.

બે દિવસ દરમ્યાન તાવના ૮૫૦ જેટલા કેસ તંત્ર દ્વારા શોધી કાઢવામાં આવ્યા છે.

આટલી અસહ્ય ગરમીમાં પણ મચ્છરોના બ્રિડીંગ જે રીતે મળી રહ્યા છે તેને તંત્રએ ગંભીરતાથી લઈ સર્વેલન્સમાં બ્રિડીંગના શંકાસ્પદ સ્થાનો છુટી ના જાય તે માટે તંત્રના કર્મયોગીઓને સૂચવી અને સર્વેલન્સને સઘન બનાવવા જણાવ્યુ છે.

# ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગામોમાંથી તાવના ૩૬ કેસ

**જ્યારે જિલ્લામાં તાવના ૭૫ કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૧

છેલ્લા બે દિવસમાં ગાંધીનગર શહેરી મેલેરિયા તંત્રની ટીમોએ શહેરમાંથી ૭૫ જેટલા તાવના દર્દીઓને શોધી કાઢ્યા છે અને તેમના લોહીના નમૂના મેળવી તેની ચકાસણી માટે મોકલી આપવામાં આવેલ છે.

શહેરી મેલેરિયાતંત્રની ટીમના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જે તાવના કેસો મળ્યા છે તેમાંથી અડધો અડધ કેસો શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારો બોરીજ, પાલજ, ધોળાકુવા અને ઈન્દ્રોડાના છે.

આ ઉપરાંત સે. ૧૩માંથી ૧૧, સેક્ટર-૧૬માંથી ૧૩, સેક્ટર-૨૪માંથી ૪ અને સેક્ટર-૧માંથી એક તાવનો કેસ મળી આવેલ છે. બોરીજમાંથી ૧૨, પાલજમાંથી ૧૬, ધોળાકુવામાંથી ૬ અને ઈન્દ્રોડામાંથી બે કેસ તાવના મળી આવ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના બીજા રાઉન્ડમાં બે દિવસ દરમ્યાન ૧૨૫૩૨ મકાનોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૨૧,૧૮૯ પાત્રોની

**બે દિવસમાં ૨૪૭ ઘરોમાંથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા**

ચકાસણી કરતાં ૨૪૭ સ્થાનો પરથી ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના બ્રિડીંગ મળતાં તંત્રએ તાત્કાલિક પોરાનાશક કામગીરી કરી છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આ બીજા રાઉન્ડ અને પૂર્ણ થયેલ પ્રથમ રાઉન્ડની વચ્ચે એક પણ ડેન્ગ્યુનો કેસ નોંધાયેલ નથી. મેલેરિયાના મળેલા છુટા છવાયા કેસોને પણ તંત્રએ ગંભીરતાથી લઈ અને દર્દીઓના નિવાસસ્થાને એન્ટી લારવેલની કામગીરી કરેલ છે.

# ગાંધીનગરવાસીઓ રોજનું ૬૦ ટન શાકભાજી ખાય છે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર અને તેની આસપાસના ૬ ગ્રામ્ય વિસ્તારો મળી દૈનિક ૬૦ ટન શાકભાજી આરોગે છે. આ વિગતો આજે મધુર ડેરીના ચેરમેન શંકરસિંહજી રાણાએ પત્રકારોને આપતાં જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે આ માંગને ધ્યાને રાખી મધુર ડેરીએ ટૂંક જ સમયમાં ઓર્ગેનિક શાકભાજી સુધારેલી તેમજ તે પણ પેકિંગમાં વિતરણ કરવાની યોજના 'કિસાન સંપદા' યોજના અંતર્ગત તૈયાર કરી છે અને તે બજારમાં મુકાશે.

રાણાએ જણાવ્યુ હતુ કે મધુર ખાતે આ માટે અલાયદુ વ્યવસ્થાતંત્ર પણ ઉભુ કરવામાં આવશે. રાણાએ જણાવ્યુ હતુ કે આ માટે જિલ્લાના ૨૪ ગામના

**મધુર ડેરી દ્વારા એપ્રિલ માસમાં ગાંધીનગર, રાયસણ, કુડાસણ, ધોળાકુવા, પેથાપુરમાં કરેલા સર્વેનું તારણ : મધુર ડેરી સ્વીટ્સ નમકીનમાં વધુ નવ પ્રોડક્સ મુકશે ; ૧૫મી મે થી મિનરલ વોટર સાથે બજારમાં પ્રવેશ કરશે : રાણા**

૫૦૦ જેટલા ખેડૂતો સાથે ડેરીએ કરાર પણ કર્યા છે. આ ઉપરાંત મધુરની જે જગ્યા ધણપ-પ્રાંતિજ માર્ગ પર છે ત્યાં પણ શાકભાજીનું ઉત્પાદન કરાશે.

રાજ્યના સ્થાપના દિવસે મિશન બિયોન્ડ મિલ્ક વિશે વાત કરતાં ચેરમેને જણાવ્યુ હતુ કે મધુર દ્વારા શુદ્ધ-મીઠુ અને વિટામીનયુક્ત મિરનલ વોટર પણ બજારમાં ૧૫મી મે થી મુકવામાં આવશે.

આ મિનરલ વૉટર ૧૦૦ એમ.એલ., ૨૦૦ એમ.એલ. તેમજ ૯૦૦ એમ.એલ.ના પેકેજીંગમાં તૈયાર કરાશે અને તેનુ મૂલ્ય બજારના અન્ય કરતાં સસ્તુ હશે.

● અનુસંધાન પાન-૭ પર

આપને આંગણે આવ્યો અવસર ખાસ
ઉજવણીમાં ભરીશું
અમે પ્રેમની મીઠાશ
હરેક પ્રસંગની યાદગાર ઉજવણી માટે ભવ્ય બેન્કવેટ હોલ અને પાર્ટી પ્લોટ આપની નજીક
રાધે બેન્કવેટ હોલ
• ૭૦ થી ૮૦ વ્યક્તિની ક્ષમતા • આધુનિક સુવિધાથી સજ્જ • આકર્ષક એમ્બિયન્સ • કેટરિંગ સુવિધા ઉપલબ્ધ
કેશવમ્ પાર્ટી પ્લોટ
• ૨૦૦ થી ૨૫૦૦ વ્યક્તિની ક્ષમતા • આકર્ષક એન્ટ્રી અને આધુનિક સુવિધાવાળુ સ્ટેજ • વિશાળ રમણીય ગાર્ડન • આઉટસાઇડ કેટરિંગ આવકાર્ય
મહેંદી | સંગીત | રિંગ સેરેમની | લગ્ન | રિસેપ્શન | બર્થ ડે | બેબી શાવર | એનિવર્સરી | ગેટ-ટુ-ગેધર | કોર્પોરેટ ઇવેન્ટ
Buy Sweets Online on premnimithaas.com
Prem Ni Mithaas

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ ડે પાર્ટી, ગેટ ટુ ગેધર તથા શુભ પ્રસંગ માટે
તમામ પ્રકારના પ્રસંગો માટે વિશાળ ૧,૨૫,૦૦૦ સ્કવેરફુટનો મેક્શીકન લોન એરીયા
સિદ્ધી વિનાયક ફાર્મ & પાર્ટી પ્લોટ
શિવમ્ કેટરર્સ એન્ડ રાજેશ્વરી ગ્રુપ & ઈવેન્ટ્સ
આ બધી સુવિધા અમારા પાર્ટી પ્લોટના પેકેજમાં મળશે.
વાઘેલા ઘનશ્યામસિંહ એમ. 98250 22173 | વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. 98256 04575 | ચાવડા અનિરુધ્ધસિંહ 98981 85149
ક-૭, રાંધેજા રોડ, મનાવા પેટ્રોલિયમની બાજુમાં, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR.FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૯૮
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT | BRIDGESTONE
તમામ સાઇઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઇબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્સ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com